દર મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

# ભટ્ટમેવાડા વર્તમાન

RNI No. GUJGUJ/2008/28227

તંત્રી : અશોકકુમાર કૃષ્ણલાલ મહેતા    Gandhinagar

RNI No.GUJGUJ/2008/28227
Post-L-2/RNP/G-GNR-266/09-11
Sector-07 Post, Gandhinagar
Velid Up to : 31 Dec., 2011
Rs.5-00, Annual : Rs.50-00

■ વર્ષ-૨ ■ અંક-૧ ■ તા.૧૫-૧૧-૦૯ ■ પાના-૧૨ ■ કિંમત-રૂા.૫/- ■ લવાજમ-રૂા. ૫૦/-

રજિ. કાર્યાલય : ''સુકૃતિ'', પ્લોટ નં. ૬૮/૧, સેક્ટર-૩/એ (ન્યુ), ગાંધીનગર-૩૮૨ ૦૦૬ (ગુજરાત) ■ મો. 98244 59694

# અમે, ભટ્ટમેવાડા....

- શ્રી રામકૃષ્ણ શિવશંકર મહેતા (ખંભાત)

જનમેજએ સર્પયજ્ઞ સમાપ્ત કરી દીધો. આ પછી તમામ નાગરાજ મુનિની મહિમા જોઈએ કહેવા લાગ્યા કે હે નાગલોકો આપણ બધા ધન્ય છીએ કે આપણે ત્યાં આવા મોટા મુનિ પેદા થયા, જેમણે માતામહના કુળને મૃત્યુથી બચાવી લીધા. આથી આજથી અમે જાહેર કરીએ છીએ કે આસ્તિક એવું નામ સાંભળતા જ તે સ્થળે સર્પનો કોઈને ભય નહીં રહે. નવકૂળ નાગમાં જે બચી ગયા તે બધા સર્પોનો પ્રાણદાતા આસ્તિક મુનિછે. જે કોઈ વ્યક્તિને સર્પ કરડે અને તે આસ્તિક મુનિનું નામ લે તો તેને સર્પનું ઝેર ચઢશે નહીં અને આસ્તિક મુનિનું નામ સાંભળવા છતાં કોઈ સર્પ તે સ્થળેથી જતો નહીં રહે તો જેટલા સર્પો મૃત્યું પામ્યા છે તે સઘળું પાપ તેના માથે આવશે. આથી આસ્તિક મુનિનું નામ સાંભળતાં જ નિર્વિષ થઈ જવું અને કોઈને દંશ મારવો નહી. ચોવીસ ગોત્રોના ભટ્ટ મેવાડા બ્રાહ્મણોએ ઉપદ્રવોનો નાશ થાય તે માટે શરૂઆતથી જ વાસુકિને જે આશિર્વાદ આપ્યા હતા તે સફળ થયા. પાછળથી વાસુકિએ તે સ્થળે નાગદાહપુરનું નિર્માણ કર્યું અને ત્યાં કેટલાક બ્રાહ્મણોનો વસવાટ કરાવ્યો અને આ બ્રાહ્મણોની સેવા કરવા બે ગણા વણિકોને પ્રસ્થાપિત કર્યા ત્યાર પછી એ બ્રાહ્મણો અને વણિકો ભટ્ટ મેવાડા બ્રાહ્મણોને આધિન રહેવા લાગ્યા. આટલું કર્યા પછી વાસુકિ નિર્ભય થઈ ગયા. આ ભટ્ટ હર સ્થાનના નિર્માણનું પ્રયોજન હતું. જે કોઈપણ વ્યક્તિ આ ચરિત્રનું શ્રવણ કરે તો તેના સર્વકાર્યો સિધ્ધ થાય છે. આ પછી ભટ્ટ મેવાડાઓમાં આસ્તિક મુનિનો વંશ રક્ષિત થઈ રહ્યો. હવે જે આર્વાચિન કથા છે તે મુજબ નાગકન્યાના વિવાહના ઉત્સવનો પ્રારંભ થયો. તે જ સમયે ભટ્ટ મેવાડા બ્રાહ્મણો આવ્યા. ત્યારે તેમનો મોટો દિકરો નાગકન્યા પાસે આવ્યો અને તે જ ક્ષણે તેના વિષયુકત વાયુથી ગભરાઈને ભાગોળ સુધી ભાગી ગયો. આથી આ વંશમાં ભટ્ટ મેવાડા કહેવાયા. બીજો ભાઈ નાગકન્યાના વિષયુકત વાયુથી ગભરાઈને ચાર રસ્તા સુધી ભાગી ગયો. આથી તેના વંશનો ચોર્યાસી મેવાડા કહેવાયા. ત્રીજો ભાઈ નાગકન્યાની ઝેરી લહરથી એ જ વખતે મૂર્છિત થઈ પડયો. ત્યારે નાગકન્યાની સખી કહેવા લાગી કે નાગકન્યાના ઝેરથી બધા જ આ રીતે મૂર્છિત થઈ જશે તો તારી સાથે લગન કોણ કરશે ? તારા મનોરથ કઈ રીતે સિધ્ધ થશે ? સખીનું આવું વચન સાંભળી નાગકન્યાએમનમાં ખૂબ જ વિચાર કરીને ગોળનો નાગ બનાવીને ઉપર નાખ્યો ત્યારે તરત જ ત્રીજો ભાઈ મૂર્છામાંથી બહાર આવી ઉઠી ગયો. ત્યારપછી તેના વંશનો ત્રીપાણી (ત્રિવાડી) મેવાડા તરીકે ઓળખાયા. ત્રિવાડી મેવાડા બ્રાહ્મણનો એક બ્રાહ્મણ મોઢની કન્યાને પરણ્યો. સ્વસ્ત ત્રિવાડી મેવાડા બ્રાહ્મણોએ તેને ખૂબ સમજાવ્યો. પરંતુ રજોગુણી હોવાના કારણે તેણે કોઈનું ન સાભળ્યું. આથી તેના પક્ષના રાજસ મેવાડા તરીકે ઓળખાયા. આ જ્ઞાતિમાં લગ્ન કરતા અગાઉ નાગપૂજા કરવામાં આવે છે. ભટ્ટ મેવાડા બ્રાહ્મણોમાં વર બીજા ગામનો હોય તો ગામની બહાર ગોળના નાગનું પૂજન કરીને દીવો પ્રકટાવીને પછી ગામમાં પ્રવેશ કરે છે. જો વર અને કન્યા એક જ ગામના હોય તો પોતાના ઘરમાં જ ગોળનો નાગ બનાવી તેનું પૂજન કરી દીવો પ્રકટાવીને પછી જ લગ્ન માટે ઘરની બહાર નીકળે છે. ચોર્યાસી મેવાડા બ્રાહ્મણોમાં વર ગામનો હોય કે પરગામનો હોય પરંતુ લગ્ન કરવા જતી વખતે રસ્તામાં ચકલુ આવે ત્યાં વચ્ચોવચ વર રાજાએ ગોળના નાગનું ષોડશોપચાર પૂજન કરીને, નાગસ્તુતિ કરીને જ આગળ વધવું. ત્રિવાડી મેવાડા અને રાજસી મેવાડાઓમાં વરે વધુને ઘેર જઈને દ્વારપૂજા કરીને પલંગ બીછાવ્યો હોય તેની ઉપર મૂર્છા આવતી હોય તેમ સૂઈ જવું.

(ક્રમશઃ)

હાય હેલ્લો છોડો... જય એકલિંગજી બોલો...

# તંત્રી સ્થાનેથી....

## હેપ્પી બર્થડે ટુ 'ભટ્ટમેવાડા વર્તમાન'

આજે 'ભટ્ટમેવાડા વર્તમાન'નો જન્મદિવસ છે. આજે તેને બીજું વર્ષ બેઠું. હજુ કાલે તો ભાંખોડિયા ભરતું'તુ. આજે ઊભા રહેતું થયું છે. ગજુ પગભર નથી થયું, પરંતુ ટેકો લઇને ઊભું રહે છે જ્યારે બાળક નાનું હોય ત્યારે સૌને ખૂબ જ વહાલું લાગે છે. તેની એક એક પ્રવૃત્તિ ધ્યાનાકર્ષક બની રહે છે. જો તેણે પડખું બદલ્યું, જો તે પેટે ખસ્યું, જો તેણે આમ કર્યું- તેમ કર્યું. ઘરના સૌ સભ્યો તેની આગળ પાછળ રહે છે અને તેની દરેક પ્રવૃત્તિને રસપૂર્વક નિહાળે છે, તેની દરેક પ્રવૃત્તિમાં તેને સહાયરૂપ થવા પ્રયત્નો કરે છે. ભટ્ટમેવાડા વર્તમાનનું પણ આવું જ છે.

ગાંધીનગર ભટ્ટમેવાડા સમાજના તમામ અગ્રણીઓ તેની આગળ પાછળ રહી તેની દરેક પ્રવૃત્તિમાં કાર્ય કરવા તત્પર રહે છે. પ્રૂફ વાંચન, પોસ્ટલ ઇન્ડેક્સ, વિતરણ યાદી, રવાનગી દરેક કાર્ય એક ટીમવર્ક, એક પારિવારિક કાર્યની જેમ અદા કરે છે. માત્ર ગાંધીનગરથી જ નહીં નડિયાદ, હિંમતનગર, અમદાવાદ, વિજાપુર, મોડાસા તથા ગુજરાતભરમાંથી ફોન આવે છે, લવાજમના મનીઓર્ડર આવે છે. ગુજરાતભરના ભટ્ટમેવાડાજનો માટે ભટ્ટમેવાડા વર્તમાન લાડકું બની રહ્યું છે. ભટ્ટમેવાડા વર્તમાન વધુને વધુ પ્રગતિ કરે જ્ઞાતિજનોનો આદર મેળવે અને વધુને વધુ સશક્ત થઇ સમાજની સેવા કરે એ જ જન્મદિનની શુભકામનાઓ....

# જન્મદિન મુબારક

**કર્ણવી દેવાંગ મહેતા**



કુ. કર્ણવી દેવાંગ મહેતાને ચોથા જન્મદિન નિમિત્તે અંતરના આશીર્વાદ. જીવનમાં ખૂબ જ પ્રગતિ કરો, સ્વસ્થ દીર્ઘાયુ જીવો, આનંદમાં રહો અને સર્વ સુખ પામો.

**દાદા-દાદી, પપ્પા-મમ્મી**
**ચાચુ-ચાચી, દીદી-બબલુ**

જન્મ તારીખ
૧૮-૧૧-૨૦૦૫

# સન્મિત્ર લક્ષણ

पापात् निवारयति योजयते हिताय
गुह्यं निगूहति गुणान्प्रकटीकरोति।
आपद्गतं च न जहाति ददाति काले
सन्मित्रलक्षणमिदं प्रवदन्ति सन्तः॥

પાપ કરતાં અટકાવે છે, હિતકારી કાર્યોમાં યોજે છે, ગુપ્ત રાખવા જેવી વાતને છુપાવે છે, જ્યારે ગુણોને જાહેર કરે છે. દુઃખીનો ત્યાગ ન કરે અને ધન આપે છે. આ સન્મિત્રનું લક્ષણ છે, એમ સજ્જનો સાચું જ કહે છે.

- પ્રો. ડૉ. જગદીશભાઇ જોષી (હિંમતનગર)

# ભગવાને સાંભળી, નહીં કરેલી પ્રાર્થના

ભગવાન પાસે મેં બળ માગ્યું, જેથી માથુ ઊંચુ રાખી જીવી શકું, તો એણે મને કોમળતા આપી, જેથી હું નમ્ર અને આજ્ઞાંકિત રહું. ભગવાન પાસે મેં બુદ્ધિ માંગી, જેથી હું મહાન કાર્યો કરી શકું, તો એણે મને હૃદય આપ્યું, જેથી હું સારા કાર્યો કરી શકું. ભગવાન પાસે મેં ધન માંગ્યુ, જેથી હું સુખી રહી શકું, તો એણે મને જ્ઞાન આપ્યું, જેથી હું શાણો થઇ શકું. ભગવાન પાસે મેં સત્તા માગી, જેથી અનેક લોકો મને નમે, તો એણે મને ભક્તિ આપી, જેથી હું ભગવાનને નમતો રહું. ભગવાન પાસે મેં અનેક વસ્તુ માગી, જેથી હું જીવન માણી શકું, તો એણે મને જીવન આપ્યું, જેથી હું અનેક વસ્તુ માણી શકું. મેં માંગ્યુ તે મળ્યું નહિ, પરંતુ જે આપ્યું તે મૂલ્યવાન હતું મેં નહિ કરેલી પ્રાર્થના ભગવાને સાંભળી.

- નાની પાલખીવાલા

# વરસી ચાંદની

આકાશ ભરીને ચાંદની વરસી રહી હતી. આસિસી ગામનાં ઊંચા મકાનો, મિનારાઓ, ઝરુખાઓ ચંદ્ર નીચે હતાં. ખળખળ વહેતા, ઝરણાંની જેમ ચાંદની સડકો પરથી વહી જતી હતી. આસિસીનાં નગરજનો ભરઊંઘમાં સૂતા હતા.

અચાનક સંત ફ્રાન્સિસના દેવળમાંથી ઘંટનાદ થવા લાગ્યો. કોઈ આફત આવે ત્યારે જ આ તોતીંગ ઘંટ વગાડવામાં આવતો. ક્યાંક આગ લાગી કે શું ? એવા ભયથી બેબાકળા બનીને લોકો દેવળ ભણી દોડી આવ્યા. જોયું તો સંત ફ્રાન્સિસ જોરશોરથી ઘંટ વગાડી રહ્યા હતા. માણસો સાદ પાડી ઉઠ્યા :

'શું થયું છે પ્રભુ ? ઘંટ શીદને વગાડો છો ?

'જરા આંખ તો ઊંચી કરો ! સંતે ઉત્તર આપ્યો : 'જુઓ તો ખરા ચંદ્ર સામે ! ચાંદની કેવી ખીલી છે !

# એલાવ, હું રમણલાલ જોશી....



સ્વ. રમણલાલ જોશી એક વિશિષ્ટ વ્યક્તિત્વના માલિક હતા. ગુજરાતી ભાષાના સન્માન્ય સાહિત્યકાર, એક અગ્રણી વિવેચક, સંશોધક, સંપાદક અને કુશળ વહીવટકર્તા એવા સ્વ. રમણલાલ જોશી સાતત્યપૂર્ણ સ્વાધ્યાયી અને શબ્દના આજીવન ઉપાસક હતા.

ઉત્તર ગુજરાતના વિજાપુર તાલુકાના હીરપુરા ગામે તા.૨૨મી મે, ૧૯૨૬ના રોજ પિતા જેઠાલાલ અને માતા મણીબહેનને ઘેર જન્મેલા રમણલાલ જોશી માતાપિતાનું એકમાત્ર સંતાન હતા. પિતા શિક્ષક હતા - વિશેષ કરીને ગુજરાતી ભાષાના શિક્ષક હોઇ શિક્ષણ અને ભાષા સાહિત્યનો વારસો ગળથૂથીમાં જ મળ્યો હતો.

વિદ્યાર્થી તરીકેની તેમની કારકિર્દી ઘણી જ ઉજવળ હતી. વડનગરમાં પ્રાથમિક શિક્ષણ લઈને પિલવાઈમાં માધ્યમિક શિક્ષણ મેળવ્યું. ૧૯૪૫માં મેટ્રિક થઈને એકાદ વર્ષ ખેડા જિલ્લાના કરમસદની માધ્યમિક શાળામાં ગુજરાતી ભાષાના શિક્ષક તરીકે જોડાયા. ત્યારબાદ વડોદરા આવી કોલેજ શિક્ષણ મેળવ્યું. કોલેજકાળ દરમ્યાન અનેક નામી સાહિત્યકારોના વ્યાખ્યાનોનો લાભ મેળવી ૧૯૫૦માં મુખ્ય વિષય ગુજરાતી અને ગૌણ વિષય સંસ્કૃત સાથે બી.એ. કર્યું અને તેમાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે આવી રાવબહાદુર એચ.ડી. કાંટાવાળા અને પ્રોફેસર એ.કે.ત્રિવેદી ચંદ્રક મેળવ્યા.

બી.એ.ના અભ્યાસકાળ દરમ્યાન જ લેખનકાર્ય શરૂ કર્યું. કોલેજના મેગેઝિન 'પલ્લવ'માં કવિતા અને ટૂંકીવાર્તાઓ લખતાં. ૧૯૫૪માં એમ.એ.માં ઉચ્ચ દ્વિતીય વર્ગ મેળવી યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમ મેળવ્યો. ગુજરાત યુનિવર્સિટીમાં રિસર્ચ ફેલો તથા જી.એલ.એસ. આર્ટ્સ કોલેજમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા. દરમ્યાન મૂર્ધન્ય કવિ સ્વ. ઉમાશંકર જોશીનું સાનિધ્ય પ્રાપ્ત થયું. તેમના માર્ગદર્શન હેઠળ ગોવર્ધનરામ એક અધ્યયન વિષય ઉપર મહાનિબંધ લખી ગુજરાત યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની ઉપાધિ મેળવી. આ કંઇ જેવી તેવી સિદ્ધિ નહોતી.

ઉમાશંકર જોશીનું માર્ગદર્શન મેળવી ગોવર્ધનરામ વિષે મહાનિબંધ લખવો એ સહજ વાત નથી. ગોવર્ધનરામને પચાવવા એ કોઇ વીરલો જ કરી શકે. ત્યારબાદ ભાષા ભવનમાં વ્યાખ્યાતા, રીડર અને પ્રોફેસર થયા અને ભાષા ભવનના નિયામકનું પદ પણ શોભાવ્યું. ૧૯૮૬માં નિવૃત્ત થયા બાદ પણ ગુજરાત યુનિવર્સિટીમાં કોલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલના ડીરેક્ટર તથા ૧૯૮૮માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા એમિરિટ્સ પ્રોફેસર તરીકે પસંદગી પામ્યા અને પ્રશંસનીય સેવાઓ આપી. તેમનામાં ઊંડી વહીવટી સૂઝ, સમજ હોઇ યુનિવર્સિટીના વિવિધ સત્તા મંડળો, અભ્યાસ સમિતિઓ, એકેડેમિક કાઉન્સિલ તથા યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર પસંદગી અંગેની સર્ચ કમિટીઝમાં સક્રિય યોગદાન આપ્યું.

૧૯૮૪થી ૧૯૮૮ દરમ્યાન ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ અને ૧૯૮૬-૮૭ દરમ્યાન ગુજરાતી સાહિત્ય અકાદમીના પ્રમુખ તરીકે પણ સેવાઓ આપી. વળી, સાહિત્ય અકાદમી, દિલ્હી તરફ પ્રકાશિત એનસાઇકલોપીડિયા ઓફ ઇન્ડિયન લીટરેચરના પાંચભાગ તૈયાર કરવા માટે ગુજરાતી ભાષાના કન્વીનર તરીકે મહત્ત્વની કામગીરી બજાવી, જે માટે ગુજરાતી સાહિત્ય સદાય માટે તેઓનું ઋણી રહેશે.

નિવૃત્તિ પછી પણ રમણલાલ જોશી પ્રવૃત્તિપરાયણ રહ્યાં. નિવૃત્તિ પછી 'ઉદ્દેશ' નામના મેગેઝિનનું પ્રકાશન હાથ ધર્યું અને ઉત્તરોત્તર તેનું જતન કર્યું. આયખાના આઠ દાયકા પૂરા કરી ચૂકેલા રમણલાલ જોશીએ 'ઉદ્દેશ' માટે આર્થિક વ્યવસ્થા કરવા ઉપરાંત પ્રૂફ રીડીંગથી માંડીને તંત્રીલેખ લખવા જેવી તમામ જવાબદારીઓ છેક સુધી પોતે જ નિભાવી. દોઢ દાયકાથી વધુ સમય સુધી 'ઉદ્દેશ' પ્રસિદ્ધ કર્યું અને મૃત્યુપર્યંત તેની સાથે સંકળાયેલા રહ્યાં. તા.૧૦ જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ તેમણે આપણી વચ્ચેથી વિદાય લીધી. આજે પણ તેમનું 'ઉદ્દેશ' તેમના સુપુત્ર શ્રી પ્રબોધ જોશી નવા કલેવર, નવા રંગરૂપ સાથે નિરંતર પ્રસિદ્ધ કરી પિતાશ્રીનું કાર્ય આગળ ધપાવતા રહ્યાં છે.

સ્વ. રમણલાલ જોશીની સાહિત્ય યાત્રા એટલી તો લાંબી છે કે જો તમામ બાબતો આવરી લઈએ તો 'ભટ્ટમેવાડા વર્તમાન'નો અંક નાનો પડે. આવા મહાન સાહિત્યકાર ભટ્ટમેવાડા સમાજને સાંપડ્યા તે આપણું સદ્‌ભાગ્ય છે અને આપણા માટે ગૌરવ લેવા જેવી બાબત છે. તેમણે ભટ્ટમેવાડા જ્ઞાતિના ઉત્કર્ષ માટે કાર્ય કર્યું હતું. અમદાવાદના ડૉ. જ.મૂ. મહેતા છાત્રાલયની સ્થાપનાથી માંડીને તેના વિકાસ સાથે આજીવન સંકળાયેલા હતા. મા સરસ્વતીના આજીવન ઉપાસક એવા સ્વ. રમણલાલ જોશીને કોટિ કોટિ વંદન!

# વાંચકોના પ્રતિભાવ

- અમેરિકાથી શ્રી જયંતભાઈ જોષીનો ઈમેઈલ મળ્યો છે. શ્રી જયંતભાઈ જણાવે છે કે 'ભટ્ટમેવાડા વર્તમાન'નો ઐતિહાસિક અંક મોકલવા બદલ અને ભટ્ટમેવાડા સમાજના ઉત્કર્ષ માટે એક માસિક પત્રના પ્રકાશનનું સ્વપ્ન સાકાર કરવા બદલ અભિનંદન ! આવા ઉમદા કાર્યમાં તમામ પ્રકારનો સહયોગ આપતાં મને આનંદ થશે.
- અમેરિકાથી અનંતભાઈ જોશી અને અરૂણાબહેનનો ઈમેઈલ મળ્યો. તેઓ જણાવે છે કે વેબસાઈટ અને 'ભટ્ટમેવાડા વર્તમાન'માં અંગ્રેજી તરજુમો કરી મોકલવા સૂચન કરેલ છે, જેથી પરદેશમાં રહેતા બાળકોને સમજવામાં અનુકુળતા રહે.
- અમદાવાદથી મન્મથભાઈ ભટ્ટનો અમદાવાદથી સંદેશો મળ્યો છે. તેઓનું સૂચન છે કે ભટ્ટમેવાડા વર્તમાનમાં યાત્રાધામો વિશે માહિતી રજૂ કરીએ, જેથી જ્ઞાતિજનોને યાત્રાધામ વિશે પૂરતી જાણકારી મળી રહે અને યાત્રા પ્રવાસે જવું હોય તો સરળતા રહે.

\- સૂચન સારું છે, ટૂંક સમયમાં આવું કોલમ શરૂ કરવા સક્રિયપણે વિચારીએ છીએ.

**આજે જ આપનું લવાજમ બુક કરાવો.**

**ફક્ત રૂા.૫૦/-**

સુકૃતિ, પ્લોટ નં.૬૮/૧, સેક્ટર-૩-એ (ન્યુ)

**ગાંધીનગર**

uti

*With the Best Complements From*

*Sonu N. Bhatt*

**(Agent)**

NSC, KVP, MIS, R.D., Small Savings Scheme, LIC, UTI, PPF, Cos. Deposits, SRGE, ICICI Mutual Fund, RBI Relief Bonds

Residence : Plot No. 152/2, Anand Vatika Society, Sector-22, Gandhinagar-382022

Ph. 079-23227798 (M) 98980 27798

# ગાંધીનગર ભટ્ટમેવાડા સમાજની વેબસાઈટ

ગાંધીનગર ભટ્ટમેવાડા સમાજ દ્વારા તા.૧૯-૯-૨૦૦૯ના રોજ એક વેબસાઈટ શરૂ કરવામાં આવી છે, જેમાં ભટ્ટમેવાડા જ્ઞાતિ, સમાજ તથા ગાંધીનગર સમાજ દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવે છે. વેબસાઈટ નોંધી લેશો : **www.bhattmewada.org**

## હાર્દિક અભિનંદન

શ્રી વિક્રમભાઈ કે. જોષી મૂળ કુકરવાડા (હાલ ચાંદખેડા) માણસા કોલેજમાં અધ્યાપક તરીકે પોતાની સેવાઓ આપી રહ્યા છે.

સમગ્ર ગુજરાત રાજ્ય અધ્યાપક મંડળના મંત્રી તરીકે તેમની નિમણૂંક થઈ છે તે બદલ 'ભટ્ટમેવાડા વર્તમાન' પરિવાર તેમને હાર્દિક અભિનંદન પાઠવે છે અને શુભેચ્છાઓ પાઠવે છે.

## અવસાન નોંધ

વિજાપુર નિવાસી ગં.સ્વ. કલાવતીબેન સુરેન્દ્રભાઈ ઉપાધ્યાય સંવત ૨૦૬૫ના આસો વદ ૧૩ને શુક્રવાર, તા.૧૬-૧૦-૨૦૦૯ના રોજ દેવલોક પામ્યા છે. ભટ્ટમેવાડા વર્તમાન પરિવાર સદ્‌ગત પ્રત્યે ઊંડી શોકની લાગણી પ્રદર્શિત કરે છે અને પ્રભુ તેમના આત્માને ચીર શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

**ભટ્ટમેવાડા જ્ઞાતિના વિવિધ સમાજોને અપીલ કરવામાં આવે છે કે આપની આસપાસ ઘટતી ઘટનાઓ, સમાજને ઉપયોગી લેખો, મૌલિક કૃતિઓ, ભટ્ટમેવાડા વર્તમાનનું વાર્ષિક લવાજમ, જાહેરખબરો વગેરે અચૂકથી મોકલી આપવા નમ્ર વિનંતી છે.**

'ભટ્ટમેવાડા વર્તમાન' આપના કરકમળોમાં ગયા અંકથી આવી ચૂક્યું છે. આ માસિક આપનું પોતાનું છે. એમ સમજી આપ આપના સૂઝાવ, સૂચનો મોકલી શકો છો. આપના મૌલિક વિચારોને સમાજ સમક્ષ પ્રસ્તુત કરવાનો એક અમૂલ્ય અવસર છે. સમાજને ઉપયોગી થાય તેવા નિષ્પક્ષ વિચારોની આવશ્યકતા છે. આ માધ્યમ આપને તથા આપના વિચારોને આવકારે છે.

(આપનું લખાણ કાગળની એકબાજુ જ લખવું.)

તો આવો રાહ શું જુઓ છો ?

**કલમ ઉઠાવો અને પ્રારંભ કરો**

'ભટ્ટમેવાડા વર્તમાન'ના તંત્રી અશોકભાઈ કે. મહેતાના સરનામે પોસ્ટ કરો.

# સુખમય જીવનની ચાવી હકારાત્મક અભિગમ

સંકલન : શ્રી જયંતભાઇ જોશી (યુ.એસ.એ.)

જીવનમાં અનેક પ્રસંગો એવા આવે છે જ્યારે માનવીને નિષ્ફળતાઓનો સામનો કરવો પડતો હોય છે. એક પછી એક નિષ્ફળતા માનવીને હતાશ બનાવી દે છે. હતાશ બનવાને બદલે હિંમત, ધૈર્ય અને હકારાત્મક અભિગમ અપનાવી પ્રયત્નો ચાલુ જ રાખવાથી એકને એક દિવસ સફળતા અવશ્ય પ્રાપ્ત થાય છે. અહીં આપણે એક એવી મહાન હસ્તીની વાત કરીશું જે અનેક નિષ્ફળતાઓ પચાવીને સફળ થઇ હતી. ૧૧ વખત નિષ્ફળતા બાદ ૧૨મી સફળતા.

(૧) નોકરી ગુમાવી (૨) વિધાનસભાના સભ્ય તરીકે હાર પામ્યા (૩) ધંધો શરૂ કર્યો - નિષ્ફળતા મળી (૪) અસાધ્ય બીમારીથી પત્નીનું અવસાન થયું (૫) નર્વસ બ્રેકડાઉન થયું (૬) વિધાનસભાના અધ્યક્ષપદ માટે ચૂંટણી લડ્યા - હારી ગયા (૭) રાજકીય પક્ષમાં હોદ્દો મેળવવા પ્રયત્ન કર્યો - નિષ્ફળતા મળી (૮) લેન્ડ ઓફિસર તરીકે નોકરી મેળવવા અરજી કરી - નોકરી ન મળી (૯) સેનેટની ચૂંટણી લડ્યા - હારી ગયા (૧૦) ઉપપ્રમુખની ચૂંટણી લડ્યા - હારી ગયા (૧૧) ફરીથી સેનેટની ચૂંટણી લડ્યા - હારી ગયા અને બે વર્ષ પછી અમેરિકાના પ્રમુખપદે ચૂંટાયા.

આ મહાન હસ્તી એટલે અબ્રાહમ લિંકન.

---

અંધકારને દોષ આપવાને બદલે શક્ય હોય તો દીપ પ્રગટાવીએ. દોષ આપવાનું બંધ કરીને કાર્યારંભ કરીએ.

ઉત્સાહ વધારી તમારી ક્ષમાતનુસાર કાર્ય કરતા રહો. નકારાત્મક વિચારોને હટાવી દૂર ભગાવો. પરિવર્તન આપણી જાતથી જ શરૂ થાય અને તે પણ આપણી અંદર જ....

# આપણે બદલાઇ શકીએ છીએ આપણે સફળ થઈ શકીએ છીએ

| વિભૂતિ | ક્યાંથી | ક્યાં પહોંચ્યા ? |
|---|---|---|
| આલ્બર્ટ આઇનસ્ટાઇન | સામાન્ય પેટન્ટ ક્લાર્ક | પ્રસિદ્ધ વૈજ્ઞાનિક |
| અબ્રાહમ લિંકન | ખેડૂત પુત્ર | અમેરિકન પ્રમુખ |
| ગોલ્ડા માયર | સામાન્ય શિક્ષક | ઇઝરાયેલ વડાપ્રધાન |
| ફ્રેન્કલીન રૂઝવેલ્ટ | બીમાર, લકવાગ્રસ્ત | અમેરિકન પ્રમુખ |
| હોમર | અંધ | ગ્રીસનો મહાન લેખક |
| હેલન કેલર | અંધ-બધિક-મૂક | વિશ્વવિખ્યાત લેખિકા |
| ડેમોસ્થીનીસ | જીભે તોતડાતી વ્યક્તિ | ગ્રીસનો જાણીતો વ્યાખ્યાતા |
| બીથોવન | બધિર | ખ્યાતનામ સંગીત કંપોઝર |
| થોમસ એડીસન | મેટ્રીક્યુલેટ | મહાન સંશોધક |
| એમ.એસ.ઓબરોય | સામાન્ય ક્લાર્ક | વિશ્વની એક મોટી હોટેલ શ્રૃંખલાના માલિક |
| કરસનભાઇ પટેલ | સામાન્ય ખેડૂત પુત્ર | નિરમા ગ્રુપના માલિક |
| ટોપીવાલા | મેટ્રીક્યુલેટ રૂ.૧૦૦ના મૂડીરોકાણથી ધંધો શરૂ કરનાર | શૃગાંગ બિંદીના ઉત્પાદક વર્ષે રૂા.૫ કરોડનું વેચાણ |
| માલતી હોલા | પોલીયોગ્રસ્ત (૨૫ ઓપરેશન કરાવેલ છે | ડીસ્ક થ્રો વગેરેમાં ૧૫૦ સુવર્ણચંદ્રક વિજેતા |
| શરદકુમાર દીક્ષિત | બે વખત હાર્ટએટેક શરીરનો નીચલો ભાગ નિષ્ક્રિય | નિઃશુલ્ક સેવાભાવે કુલ ૪૫,૦૦૦ ઓપરેશન કર્યાની સિદ્ધિ |
| સી.એમ.થાનકી | બંને પગે પોલીયોગ્રસ્ત | વિખ્યા તરવૈયા બન્યા ઓક્સફર્ડ યુનિ.ના પુસ્તક 'સ્પેશ્યલ પીપલ'માં સ્થાન |

# નિષ્ફળતાનો અર્થ

## નકારાત્મક વિચારો

- તમે નિષ્ફળ છો
- તમે કંઇ પ્રાપ્ત કર્યું નથી
- તમે ક્યારેય આ કરી શકશો નહીં
- તમે નિમ્નકક્ષામાં છો
- તમે તમારી જિંદગી બગાડી છે
- તમે છોડી દો
- તમને સિદ્ધિ ક્યારેય પ્રાપ્ત નહીં થાય
- ભગવાને તમને તરછોડી દીધા છે

## હકારાત્મક વિચારો

- તમે હજુ સફળ થયા નથી
- તમે કંઇક શીખ્યા છો
- તમારે એ બીજી રીતે કરવાનું છે
- તમે સંપૂર્ણ નથી
- તમારે નવેસરથી શરૂ કરવાનું છે
- તમારે સખત મહેનત કરવાની છે
- સિદ્ધિ પ્રાપ્ત કરવામાં થોડો સમય લાગશે
- ભગવાન પાસે તમારે માટે વધુ સારો વિચાર છે. તમને ભગવાનમાં શ્રદ્ધા હશે તો સારા વિચારો આવશે.

# ગર્ભસ્થ બાળકીનો 'મા'ને અંતિમ પત્ર...

- ડૉ. નલીન ભટ્ટ (માણસા)

'મા' શબ્દ બોલતાં જ મારું મોં અને હૃદય પ્રેમથી ભરાઈ જાય છે. પપ્પા અને આપ મજામાં હશો. મા આ પત્ર ખાસ આપને લખ્યો છે, કારણકે આપ મારી ખૂબ જ નજીક છો... હું જ તમારામાં છું. મા, હું તો તમારો પોતાનો જ ભાગ છું.

મા, મેં એક દુઃખદ સમાચાર જાણ્યા, મને વિશ્વાસ જ નથી થતો કે મારી મા મને જન્મ પામતી રોકવા માંગે છે ? મને પૂરેપૂરી ખાતરી છે કે આ આપની ઈચ્છા નથી જ. સમાજની બીકે, ભય કે અજ્ઞાનતાને કારણે આવા વિચારને તમે તમારા મનમાં રાખ્યો છે. મા આપણા પડોશીને કહેતા હતા કે મારે હવે દીકરી નથી જોઈતી. મા! તું અત્યારે મારા શરીરને મસળી નાખવા, તોડી નાખવા, કાપી નાખવા જઈ રહી છે, પણ હું તને રોકી પણ નથી શકતી. હું અત્યંત નાજુક છું. મને વાચા નથી. મારા હાથ તો લોટની કણકથી પણ વધુ નાજૂક છે. મા, મને સ્પર્શ કરતાં પણ આડતું નથી, તો તને ગળે ભરાવીને વહાલ પણ કેમ કરું? અને તો પણ મને તેનું દુઃખ નથી, કારણકે હું તારા ધબકારામાં છું. હકીકતમાં મારું હૃદય પણ તારા ધબકારાથી જ ધબકે છે... મા, મને જન્મવા દે, મારે તારી આંગળી પકડી ચાલતાં શીખવું છે. મા, મારે મારા નાના પગે તારો ખોળો ખૂંદવો છે. તારા આંગણામાં નાચવું છે.

મા, તું ચિંતા ન કરીશ. હું પપ્પાનો ખર્ચ નહીં વધારું. તેમને કહેજો હું દીદીનાં જૂના ઉતરેલા કપડાં પહેરીશ. તેમના તૂટેલાં રમકડાંથી રમીશ. મારી જાતે ને જાતે ભણીશ. સાદી નિશાળમાં જઈશ. અરે, ઘરના કામમાં તમને મદદ કરીશ. તમારી જિંદગીમાં ક્યાંય વચ્ચે નહીં આવું. મોટી થઉં અને વિદાય સમયે તમારી બધી જ વ્યવસ્થા કરીશ. દહેજનો પ્રશ્ન જ ઊભો થવા નહીં દઉં. મા, તમે મોટા થશો, ઘરડાં થશો ત્યારે તમારી આ લાડકી તમારી લાકડી બનશે. તમારી બધી રીતે સેવા કરીશ. તમારી હાથ વાડકી બનીને રહીશ.

મા મને રહેવા દો... જીવવા દો... મા, આ પત્ર તમને એટલા માટે લખું છું કે આપ પપ્પાને સમજાવો. આપનું ન ચાલે, આપ મને બચાવી ન શકો તો.. આ પત્ર સમાજમાં ફેલાવશો... સમાજની દરેક મા, દરેક દાદીને, દરેક નાનીને આપજો, જેથી સ્ત્રીઓ સ્ત્રી તત્ત્વનું આવું ઘોર અપમાન કરી જઘન્ય પાપ ના વહોરે... મા જો, આમ જ ચાલશે તો પ્રભુની દુનિયા કેમ ચાલશે ? શક્તિમાંથી માનવીનો વિશ્વાસ જ ઉઠી જશે.

જય મા! જય જય મા!

એ જ, આપની વ્હાલી દીકરીના પ્રણામ.

સમર્પિત : જગતની સર્વ માતાઓના માતૃત્વને, કે જે 'આદ્ય શક્તિ'નો અંશ છે, તેમને સાદર પ્રણામ સાથે....

*With Best Compliments From*



# 'ભટ્ટમેવાડા વર્તમાન'ના પ્રતિનિધિઓ

ભટ્ટમેવાડા વર્તમાનના વાંચકોની સુવિધા માટે લવાજમ ભરવું, લેખ-સમાચારો મોકલવા, જાહેરાતના બિલના નાણાંનું ચૂકવણું કરવું વગેરે કાર્યો માટે રાજ્યમાં વિવિધ સ્થળોએ પ્રતિનિધિઓ અધિકૃત કર્યા છે. વાંચકો આ સુવિધાનો લાભ ઉઠાવે તેવી અપીલ છે.

## અમદાવાદ

(૧) શ્રી અરૂણકુમાર કાંતિલાલ ઉપાધ્યાય
૧૩, વિકાસ ટેનામેન્ટ, પ્રશાંત હાઈસ્કૂલ પાસે,
જીવરાજ પાર્ક, અમદાવાદ, ફોન : ૨૬૮૧ ૩૨૩૯

(૨) શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિકમલાલ જોષી
બી-૧૯, લલિતા સોસાયટી, વિરાટનગર સામે,
ઈસનપુર, અમદાવાદ, ફોન : ૨૫૩૯ ૮૩૬૦

(૩) સુશ્રી અમિતાબેન કપિલભાઈ પાઠક
૭૬, શારદાનગર સોસાયટી, વિકાસગૃહ રોડ,
પાલડી, અમદાવાદ, ફોન : ૨૬૬૪ ૧૬૩૭

(૪) શ્રી અતુલકુમાર કાંતિલાલ જોષી
૨, કેસરિયાજી નગર, એલ.આઈ.સી. ઓફિસ સામે,
વાસણા, અમદાવાદ, ફોન : ૨૬૬૧ ૧૨૯૭

(૫) શ્રી અશોકકુમાર શિવશંકર મહેતા
એલ-૧, સેકટર-૬, નિર્ણયનગર,
ઘાટલોડિયા, અમદાવાદ, (મો) ૯૮૯૮૬ ૫૯૧૩૨

(૬) શ્રી હર્ષિતભાઈ ઋષિરાજ અગ્નિહોત્રી
૮-બી, યોગેશ્વર એપાર્ટમેન્ટ, વિજય ચાર રસ્તા,
અમદાવાદ, ફોન : ૨૭૯૧ ૧૭૦૪

## નડિયાદ

(૧) ડૉ. શ્રી પ્રદ્યુમ્નકુમાર અંબાલાલ જોષી
૯, નરેન્દ્ર પાર્ક, સિવિલ હોસ્પિટલ સામે, નડિયાદ
ફોન : ૨૫૨ ૭૩૦૬

(૨) શ્રી ઉપેન્દ્રકુમાર હરિનારાયણ શાસ્ત્રી
૯/૧૦, કૃષ્ણનગર સોસાયટી,
કૃષ્ણદર્શન ફલેટની બાજુમાં, વાણિયાવડ, નડિયાદ
ફોન : ૨૫૨ ૪૩૪૩

## આણંદ

(૧) ડૉ. રાજેશકુમાર મનુભાઈ જોષી
૩૨, સર્વમંગલ પાર્ક,
પાલિકાનગરની બાજુમાં, આણંદ
ફોન : ૨૪૬ ૧૧૫

## વિજાપુર

(૧) શ્રી યોગેશભાઈ પેશ્વા
મુ. વિજાપુર, તા.જિ.મહેસાણા
(મો) ૯૪૨૬૫ ૬૯૨૭૬

## વડોદરા

(૧) શ્રી રમેશભાઈ બાબુલાલ મહેતા
શિયાપુરા પોલીસ ચોકી પાસે,
રાવપુરા ટાવર, વડોદરા, ફોન : ૨૪૧ ૭૩૭૯

(૨) શ્રી રમેશભાઈ અંબાલાલ વ્યાસ
સી-૨૬, રિદ્ધિ-સિદ્ધિ પાર્ક, જી.આઈ.ડી.સી. રોડ,
માંજલપુર, વડોદરા, ફોન : ૨૬૩ ૧૮૦૧

(૩) શ્રી સુનિલભાઈ આર. પંડ્યા
બી-૨૨, આશીર્વાદ સોસાયટી, ઝવેરનગર પાસે, હરણી
વારસીયા રોડ, વડોદરા, (મો) ૯૪૨૬૫ ૮૮૮૬૪

## કુકરવાડા

(૧) શ્રી કાંતિલાલ સોમનાથ જોષી
અંબાજી માતાનો માઢ, કુકરવાડા
ફોન : ૨૫૨ ૮૫૨

## મહેસાણા

(૧) શ્રી પ્રવિણકુમાર ત્રિકમલાલ જોષી
૪૮, આદિનાથ સોસાયટી,
ટીબી હોસ્પિટલ રોડ, મહેસાણા
(મો) ૯૮૭૯૬ ૦૫૨૮૦

## હિંમતનગર

(૧) ડૉ. વિનાયકભાઈ કૃષ્ણપ્રસાદ પંડ્યા
કૃષ્ણ નિવાસ, ભાગ્યોદય સોસાયટી,
પોલોગ્રાઉન્ડ, હિંમતનગર, (મો) ૯૮૯૮૬ ૭૬૬૨૬

(૨) શ્રી ધર્મેશભાઈ જગદીશભાઈ જોષી
૬, સ્વસ્તિક સોસાયટી, નવા રોડ, મહાવીરનગર,
હિંમતગર, (મો) ૯૯૭૮૨ ૧૫૬૦૦

(૩) શ્રી પરેશકુમાર કાંતિલાલ જોષી
૨૧, આદર્શનગર, મહાવીરનગર, હિંમતનગર
(મો) ૯૪૨૬૫ ૮૦૫૯૭

## ઈડર

(૧) શ્રી દિલીપકુમાર લક્ષ્મણભાઈ જોષી
૮૨, આમ્રપાલી સોસા.ટી,
જવાનપુરા, ઈડર, જિ. સાબરકાંઠા
ફોન : ૨૫૪ ૧૬૮

## વર જોઈએ છે

- નામ : ફોરમ એન. વ્યાસ
- જન્મ : ૨૯-૦૧-૧૯૭૬
- ઊંચાઈ : ૫'-૫''
- અભ્યાસ : B.Com
- વ્યવસાય : શિક્ષિકા
- મા.આવક : રૂા.૭,૦૦૦/-
- ગોત્ર : ગર્ગ
- સંપર્ક : નારાયણપ્રસાદ વ્યાસ
- ફોન : 98797 93488

- નામ : રિદ્ધિ જે. જોષી
- જન્મ : ૧૦-૦૯-૧૯૮૩
- ઊંચાઈ : ૫'-૩''
- અભ્યાસ : MBA (ફાયનાન્સ)
- વ્યવસાય : ટાટા કેપિટલમાં સર્વિસ
- મા.આવક : રૂા.૨૦,૦૦૦/-
- ગોત્ર : વચ્છસ
- સંપર્ક : જનાર્દનભાઈ જોષી
- ફોન : 98252 65263

- નામ : અમિષા (ભાવિકા) કૃષ્ણકાંત મહેતા
- જન્મ : ૦૨-૦૫-૧૯૮૩
- ઊંચાઈ : ૫'-૧૦''
- અભ્યાસ : B.Sc., L.L.B.
- વ્યવસાય : એડવોકેટ
- મા.આવક : ---
- ગોત્ર : ગૌતમ
- સંપર્ક : કૃષ્ણકાંત મહેતા
- ફોન : 98255 26547

- નામ : નિકીતા જોષી
- જન્મ : ૦૧-૦૫-૧૯૮૩
- ઊંચાઈ : ૫'-૩''
- અભ્યાસ : B.Sc, (ફેશન ડીઝા.) B.A. (અંગ્રેજી)
- વ્યવસાય : ---
- મા.આવક : ---
- ગોત્ર : પારાશર
- સંપર્ક : ભરતભાઈ જોષી
- ફોન : 94270 13836

- નામ : હરિપ્રિયા જોષી
- જન્મ : ૨૪-૦૬-૧૯૮૨
- ઊંચાઈ : ---
- અભ્યાસ : P.T.C., B.A. Eng.
- વ્યવસાય : શિક્ષિકા
- મા.આવક : રૂા.૧૩,૦૦૦/-
- ગોત્ર : પારાશર
- સંપર્ક : પ્રવિણચંદ્ર જોશી
- ફોન : 94297 57935, 94283 12053

- નામ : જીજ્ઞા આર. ભટ્ટ
- જન્મ : ૨૫-૧૧-૧૯૭૯
- ઊંચાઈ : ૫'-૮''
- અભ્યાસ : M.A., B.Ed.
- વ્યવસાય : શિક્ષકા ---
- મા.આવક : ---
- ગોત્ર : વચ્છસ
- સંપર્ક : રાજેશકુમાર ભટ્ટ
- ફોન : 99986 85591

- નામ : માનસી જી. પાઠક
- જન્મ : ૧૧-૦૮-૧૯૭૭
- ઊંચાઈ : ૫'-૫''
- અભ્યાસ : M.Sc., M.L.T.
- વ્યવસાય : પ્રાઈવેટ ટ્યુશન ---
- મા.આવક : ---
- ગોત્ર : કાત્યાયન
- સંપર્ક : દામિનીબેન પાઠક
- ફોન : 079-2663 6629

- નામ : કૃષ્ણા વાય. ભટ્ટ
- જન્મ : ૧૮-૦૧-૧૯૮૪
- ઊંચાઈ : ૫'-૨''
- અભ્યાસ : B.A., M.A. Part-1
- વ્યવસાય : --- ---
- મા.આવક : ---
- ગોત્ર : વચ્છસ
- સંપર્ક : યોગેશચંદ્ર ભટ્ટ
- ફોન : 079-2532 7417

- નામ : સ્વાતિ કે. જોષી
- જન્મ : ૦૫-૦૧-૧૯૮૭
- ઊંચાઈ : ૫'-૭''
- અભ્યાસ : M.A. B.Ed.
- વ્યવસાય : --- ---
- મા.આવક : ---
- ગોત્ર : પારાશર
- સંપર્ક : કપિલભાઈ જોશી
- ફોન : 998250 13149

- નામ : આરતી કે. મહેતા
- જન્મ : ૧૬-૦૮૧૯૮૭
- ઊંચાઈ : ૫'-૧૦''
- અભ્યાસ : B.A. PGDCA
- વ્યવસાય : --- ---
- મા.આવક : ---
- ગોત્ર : ગૌતમ
- સંપર્ક : કૃષ્ણકાંત મહેતા
- ફોન : 98255 26547

## વર જોઈએ છે

- નામ : સ્વપ્નિલ કે. ભટ્ટ
- જન્મ : ૨૪-૦૮-૧૯૭૯
- ઊંચાઈ : ૫'-૮''
- અભ્યાસ : C.A., B.Com, L.L.B.
- વ્યવસાય : સી.એ. ફર્મમાં પાર્ટનર ---
- મા.આવક : ---
- ગોત્ર : કાત્યાયન
- સંપર્ક : કૌશિકભાઈ ભટ્ટ
- ફોન : 079 - 2663 1701

- નામ : ભૂમેશ જોષી
- જન્મ : ૩૦-૧૨-૧૯૮૬
- ઊંચાઈ : ૬'
- અભ્યાસ : B.Com
- વ્યવસાય : પોતાનો ધંધો ---
- મા.આવક : ---
- ગોત્ર : પારાશર
- સંપર્ક : ભરતભાઈ જોશી
- ફોન : 94270 13836

- નામ : કૌશલ પી. જોષી
- જન્મ : ૧૩-૧૧-૧૯૮૪
- ઊંચાઈ : ૫'-૧૦''
- અભ્યાસ : B.Com, MBA(ચાલુ)
- વ્યવસાય : ડાયમંડ માર્કેટમાં સર્વિસ
- મા.આવક : રૂા.૧૫,૦૦૦/-
- ગોત્ર : પારાશર
- સંપર્ક : દિલીપભાઈ જોષી
- ફોન : 94284 15260

- નામ : દીપેશ જે. જોષી
- જન્મ : ૨૦-૧૦-૧૯૮૩
- ઊંચાઈ : ---
- અભ્યાસ : M.Sc., (Org. Chem)
- વ્યવસાય : ડીશમાન ફાર્મા.માં નોકરી
- મા.આવક : ---
- ગોત્ર : પારાશર
- સંપર્ક : જગદીશચંદ્ર જોષી
- ફોન : 93771 72517

- નામ : પ્રણવ એચ. પંડ્યા
- જન્મ : ૦૭-૦૩-૧૯૭૭
- ઊંચાઈ : ---
- અભ્યાસ : PTC, B.Com
- વ્યવસાય : શિક્ષક
- મા.આવક : રૂા.૧૪,૦૦૦/-
- ગોત્ર : શાંડિલ્ય
- નોંધ : જમણે પગે ૪૦ ટકા પંગુતા
- સંપર્ક : હેમેન્દ્રભાઈ પંડ્યા
- ફોન : 97254 25987

- નામ : ગૌરવ ટી. દીક્ષિત
- જન્મ : ૧૭-૦૮-૧૯૮૧
- ઊંચાઈ : ૫'-૧''
- અભ્યાસ : ધો.-૧૨ પાસ ITI
- વ્યવસાય : નોકરી ---
- મા.આવક : ---
- ગોત્ર : પારાશર
- સંપર્ક : તપસ્વિનભાઈ દીક્ષિત
- ફોન : 079-2667 2729

- નામ : મનીષ એન. દવે
- જન્મ : ૧૨-૦૫-૧૯૮૧
- ઊંચાઈ : ૫'-૫''
- અભ્યાસ : M.B.A. (Finance HR)
- વ્યવસાય : બેન્કીંગ અને કસ્ટમ કેર મેનેજર, માસ ફાયનાન્સ
- મા.આવક : રૂા.૧૫,૦૦૦/-
- ગોત્ર : કાત્યાયન
- સંપર્ક : નરેન્દ્રભાઈ દવે
- ફોન : 98252 80644

- નામ : ---
- જન્મ : ૦૩-૦૮-૧૯૮૩
- ઊંચાઈ : ૫'-૩''
- અભ્યાસ : B.E. I.C.
- વ્યવસાય : સેલ્સ એક્ઝિક્યુટીવ
- મા.આવક : રૂા.૨૫,૦૦૦/-
- ગોત્ર : પારાશર
- સંપર્ક : બોક્સ નં. ૧ 'ભટ્ટમેવાડા વર્તમાન' ઈચ્છુકોએ બાયોડેટા મોકલવો.

- નામ : સંકેત કે. જોષી
- જન્મ : ૦૫-૦૧-૧૯૮૭
- ઊંચાઈ : ---
- અભ્યાસ : B.E. I.T.
- વ્યવસાય : ઈન્ટરફેસ સોફટવેરમાં નોકરી
- મા.આવક : ---
- ગોત્ર : પારાશર
- સંપર્ક : કપિલભાઈ જોશી
- ફોન : 98250 13149

**આજે જ આપનું લવાજમ બુક કરાવો.**

**ફક્ત રૂા.૫૦/-**

**"સુકૃતિ" પ્લોટ નં.૬૮/૧, સેકટર-૩-એ (ન્યુ)**

**ગાંધીનગર**

## વર જોઈએ છે

| | | | |
|---|---|---|---|
| નામ | : દર્શના એસ. ગોર | નામ | : હાર્દિકા પી. જોષી |
| જન્મ | : ૧૪-૧૨-૧૯૮૩ | જન્મ | : ૨૨-૧૧-૧૯૮૬ |
| ઊંચાઇ | : ૫'-૩'' | ઊંચાઇ | : ૫'-૨'' |
| અભ્યાસ | : B.A. B.Ed. | અભ્યાસ | : TYBA (સાઇકો.) |
| વ્યવસાય | : --- | વ્યવસાય | : વોડાફોનમાં સર્વિસ |
| | --- | મા.આવક | : --- |
| મા.આવક | : --- | ગોત્ર | : કાત્યાયન |
| ગોત્ર | : વત્સત | સંપર્ક | : પ્રદીપકુમાર જોષી |
| સંપર્ક | : સુભાષચંદ્ર ગોર | ફોન | : 94268 67087 |
| ફોન | : 2676 6433 | | 94267 59171 |

**'ભટ્ટમેવાડા વર્તમાન' સામયિકમાં આપના મંતવ્યો, લેખો, સમાજોપયોગી સૂચનો, જાહેરાતો, લવાજમ વગેરે આપવા સંપર્ક કરો.**

**(મો) 98244 59694**

# 'ભટ્ટમેવાડા વર્તમાન' રજૂ કરે છે : વૈવાહિક વિજ્ઞાપન

ગાંધીનગર,

જ્ઞાતિના યુવક-યુવતીઓના વૈવાહિક સંબંધ માટે સુયોગ્ય પાત્ર મળી રહે તે માટે દરેક માતા-પિતા ઉત્સુક હોય છે.

ભટ્ટમેવાડા વર્તમાનમાં દરેક અંકમાં આ પ્રકારની જાહેરખબરો રજૂ કરવાનો અભિગમ અપનાવવામાં આવી રહ્યો છે. યુવક-યુવતીઓનો બાયોડેટા જેમ કે ગોત્ર, અભ્યાસ ઊંચાઇ, મંગળદોષ, અપેક્ષિત પાત્ર વગેરે માહિતી અત્રે પ્રસિદ્ધ કરવામાં આવશે. પરિચય ગુપ્ત રાખવો હોય તો ગુપ્ત રાખી શકાશે. અત્રેથી બોક્સ નંબર આપવામાં આવશે. જાહેરખબર ભટ્ટમેવાડા સમાજ, ગાંધીનગર દ્વારા લોન્ચ કરવામાં આવનાર વેબસાઇટ ઉપર પણ મૂકવામાં આવશે. આગામી તા.૧૫-૧૨-૨૦૦૯ સુધીના અંકોમાં સદર જાહેરખબરો વિનામૂલ્યે પ્રસિદ્ધ કરવામાં આવશે. આ યોજનાનો લાભ લેવા જ્ઞાતિબંધુઓને એક યાદીમાં જણાવાયું છે.

*With Best Compliments From*

**KATIRA**
**Construction Ltd.**

**GOVT. APPROVED "AA" CLASS CONTRACTORS**

**KLC House, New Station Road, Bhuj-Kachchh**
**Ph. : (02832) 250 939, 255 627, 394 129, Fax : 02832 - 258 746**
**Mob. : 98252 35016**
**E-mail : katiraconstruction@yahoo.co.in**

# મન મોતી તન કંચન વરણું, વહે સ્વાસ્થ્યનું અમૃત ઝરણું

**પ્રસૂતિ પછીની સંભાળ**

- સલામત માતૃત્વ એ દરેક નારીની ઝંખના છે.
- સલામત પ્રસૂતિ અને તંદુરસ્ત બાળજન્મ એ સ્ત્રીનું સદ્ભાગ્ય છે.
- પ્રસૂતિ બાદ માતા અને બાળકની તંદુરસ્તી માટે સ્વચ્છતા અને આરોગ્યને લગતી કેટલીક બાબતો જાણવી અને અપનાવવી અત્યંત જરૂરી છે.
- પ્રસૂતિ બાદ માતાનું પહેલું ધારણ બાળકને અવશ્ય આપવું જોઈએ.
- પ્રસૂતિ બાદ માતાને પીળા રંગનું અર્ધઘટ્ટ ધાવણ આવે છે, જે વિટામીન 'એ' સભર હોઈ બાળક માટે ઉપયોગી છે.
- અજ્ઞાનતા, વહેમ, અંધશ્રદ્ધા અને ખોટી માન્યતાઓને કારણે આ પીળું ધાવણ કાઢી નાખવામાં આવે છે અને નવજાત શિશુને તેનાથી વંચિત રાખવામાં આવે છે. આ ખોટું થાય છે, આમ કરવાથી બાળક પોષક તત્ત્વોથી વંચિત રહી જાય છે.
- પ્રસૂતિ પછી બાળકની નાળ જંતુરહિત કરેલ બ્લેડ કે કાતર વડે કાપીને ઉપર પાટો બાંધી દેવો જોઈએ.
- નવજાત શિશુને ગળથૂથી આપવાને બદલે સીધેસીધું માતાનું ધાવણ જ આપવું જોઈએ.
- પ્રસૂતિ પછી માતાએ પોષક આહાર લેવો જરૂરી છે.
- પ્રસૂતા અને નવજાત શિશુને અલાયદા ખંડમાં રાખવા જોઈએ અને શક્ય હોય ત્યાં સુધી ઓછામાં ઓછા માણસોએ ત્યાં પ્રવેશ કરવો જોઈએ.
- નવજાત શિશુને કોઈ ચેપ ન લાગે તે માટે તેમને ખંડની બહાર ન લઈ જતાં તેના ઓરડામાં જ રાખવું જોઈએ.
- ઠંડી, ગરમી સામે બાળકને રક્ષણ મળે તેવાં કપડાં અને હવા-ઉજાસ મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.
- જન્મ પછી બાળકને નિયત સમયે બી.સી.જી., ત્રિગુણી, બાળલકવા વિરોધી તેમજ ઓરી વિરોધી રસીઓ અપાવી છ ઘાતક રોગો સામે બાળકને રક્ષણ આપવું જોઈએ.
- પ્રસૂતિ બાદ સ્ત્રીએ બે દિવસ સુધી દાકતરની સૂચના અનુસાર સૂતાં સૂતાં થોડી કસરત કરવી જોઈએ, જેથી ગર્ભાશય સંકોલાચાવાનું કાર્ય સારી રીતે થઈ શકે.
- પ્રસૂતિ પછી થોડા સમય માટે જાતીય વૃત્તિ-પ્રવૃત્તિથી દૂર રહેવું જોઈએ.
- પ્રથમ સંતાન શાળાએ જતું થાય ત્યાં સુધી બીજી પ્રસુતિ નિવારવી. કુટુંબ નિયોજનના સાધનોનો ઉપયોગ કરવો.


*With Best Compliments From*

*Vallabh Vachhani* *Paresh Vachhani* *Hitesh Vachhani*

# *Anand Associates*

***Government Approved Contractor & Engineers***

*Plot No. 346, Sector-5/A, Gandhinagar-382 005*

***Registered Office***

*Plot No. 346, Sector-5/A,*
*Gandhinagar-382 005*
*email : anand_asso@rediffmail.com*

***Branch Office***

*215, Sanskar Complex,*
*150 Ft. Ring Road, Rajkot*
*Ph. (O) 0281-258 7829*

***Ph. 079-5572 8800, (R) 2323 2402***
***Telefax : 079-2324 9000***

## Sister Concerns

- ***Anand Infrastructure, Rajkot***
- ***Anand Minerals, Chikhali***
- ***Anand Developers, Navsari***
- ***Anand Builders, Navsari***
- ***Anand Traders, Navsari***

# રસીલી રેસીપી

## બટાકાના ઢોકળાં

સામગ્રી : ૨૫૦ ગ્રામ બટાકા
૫૦ ગ્રામ રવો
૫૦ ગ્રામ ચણાનો લોટ
કોથમીર, બે ટેબલ સ્પુન, તેલ, રાઈ, હીંગ
વાટેલા આદુ મરચાં
૧ વાડકી ખાટું દહીં
પ્રમાણસર મીઠું

રીત : બટાકા બાફીને, છોલીને તેનો છૂંદો કરો. બંને લોટમાં તેલનું મોણ નાખી બટાકાના માવા સાથે મીક્સ કરો. બાકીનો બધો મસાલો નાખી ઢોકળા જેવું ખીરું બનાવો. જરૂર લાગે તો થોડું પાણી ઉમેરવું. એક કલાક એમ જ રહેવા દો. ત્યારબાદ થાળીમાં કાઢીને ઢોકળાની જેમ વરાળથી બાફો. ટૂકડા કરીને તેલ, રાઈ અને હિંગનો વઘાર કરો. ઉપર કોથમીર ભભરાવો. લીલી ચટણી સાથે સર્વ કરો.

(આ જ રીતે રતાળુના ઢોકળાં પણ કરી શકાય.)

- મોના આર. જોષી (ગાંધીનગર)

# બ્યુટી ટીપ્સ

આજના યુગમાં દરેક વ્યક્તિ તેના રૂપને નીખારવા પ્રયત્નશીલ હોય છે. શિયાળો સૌંદર્યનો સૌથી મોટો દુશ્મન છે પણ થોડી સાવચેતી રાખવામાં઼ઓ તો તેને સૌથી મોટો દોસ્ત પણ બનાવી શકાય.

શિયાળામાં વાળ અને ચામડી બંને ડ્રાય (સૂકા) થઈ જાય છે. તેનાથી બચવા દર અઠવાડિયે વાળ ધોયા પછી તેના પર કેમિકલ કન્ડીશનરનો ઉપયોગ કરવાનો બદલે હર્બલ કન્ડીશનરનો ઉપયોગ કરો. બે ચમચી મેથી પાવડરને દહીં સાથે મીક્સ કરી જાડી પેસ્ટ બનાવો. તેને વાળમાં લગાવી ફક્ત ૧૦ મિનિટ રાખી શેમ્પૂ કરી દો. તમારા વાળ એકદમ લીસ્સા અને ચમકદાર થઈ જશે. યાદ રાખો ૧૦ મિનિટથી વધુ સમય ન રાખવું. સ્કીન માટે ઓઈલી સ્કીમવાળાએ શિયાળામાં મોશ્ચરાઈઝરનો ઉપયોગ કરવો. ડ્રાય સ્કીનવાળાએ જ કોલ્ડ ક્રીમ વાપરવું. તે સિવાય ગુલાબજળ, લીંમડાનો રસ અને ગ્લીસરીન સરખે ભાગે લઈ એક બાટલીમાં ભરી ફ્રીજમાં રાખી મૂકવું. દરરોજ નાહ્યા પછી ક્રીમની જેમ તે બરાબર હલાવીને લગાડવું. તમારી ત્વચા એકદમ નીખરી ઉઠશે.

- મોના આર. જોષી (ગાંધીનગર)

*With Best Compliments From*

*Ritesh Mehta (M.Com)* *(M) 98240 49997*
*Ph. 241 7379*

**Chandan Distributors**

*Surgical Products and Rehabilitation Aid*



*Vissco, Flamingo, Accuchek, Diamond, Omron Hicks*

*Vadi Wadi, Behind Shiyapura Police Chowky, Near Tower Raopura, Vadodara-390 001*
*E-mail : chandsurgi@yahoo.com*

*With Best Compliments From*

*Ramesh Mehta*
*(M) 98240 14997*

**Mehta Associats**

*Land Developors & Project Consultant*

*B/h. Shiyapura Police Chowky, Vadi Wadi, Raopura, Tower, Vadodara-390 001*
*Tele No. (0265) 241 3157*
*Fax : (0265) 241 7379*
*email : mehtaprocon@yahoo.co.in*

# ગાંધીનગર ભટ્ટમેવાડા સમાજનું સ્નેહમિલન

ગાંધીનગર,

પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ કાર્તિક પૂર્ણિમાના દિવસે તા. ૨જી નવેમ્બરના રોજ જ્ઞાતિજનોના સ્નેહમિલનનો કાર્યક્રમ વિશ્વકર્મા મંદિર હોલ, ગાંધીનગર ખાતે ઉજવાઈ ગયો. ગાંધીનગરના તમામ જ્ઞાતિજનોએ એકબીજાને નવા વર્ષના અભિનંદન આપ્યા. એક થી સાત વર્ષના તમામ બાળકોને તથા ૮ થી ૧૨ ધોરણના પ્રથમ દ્વિતીય ક્રમે આવેલા વિદ્યાર્થીઓને ઈનામો તેમજ સુશ્રી સુમનબેન પ્રિયવદનભાઈ જોશી તરફથી બાલમંદિરથી ધોરણ-૭ સુધીના વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવ્યા હતા. નાનાં ભૂલકાંઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજ્યા હતા. સ્નેહ મિલન સમારોહમાં આગામી કાર્યક્રમો ઘડી કાઢવામાં આવ્યા હતા, ગત વર્ષના હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા. જેને બહાલી આપવામાં આવી હતી. છેલ્લે સૌ કોઈ સુરુચિ ભોજન લઈ છૂટા પડ્યા હતા. ભટ્ટમેવાડા સમાજ ગાંધીનગરના મનુભાઈ જોશીના સક્રિય પ્રયત્નોથી વિશ્વકર્મા સમાજની વાડી રાહતદરે ઉપયોગમાં લેવા આપી હતી, જે બદલ શ્રી મનુભાઈ જોષી અને વિશ્વકર્મા સમાજના આભારી છીએ.

# ધ્રુવ પંડિત -નિપૂણ પંડિતનું દિપાવલી નજરાણું

આપણી જ્ઞાતિના બે યુવાન ઈજનેર બંધુઓ ધ્રુવ કાર્તિકભાઈ પંડિત અને નિપુણ સુભાષભાઈ પંડિત ૨૨-૨૩ વર્ષની નાની વયે આ દિપાવલીએ કસ્ટમ બાઈકનું નજરાણું લઈને આવ્યા છે. ધ્રુવ-નિપુણનો દાવો છે કે તેઓ ભારતના સૌથી યુવા બાઈક નિર્માતા છે અને તેમણે તેમની પ્રથમ કસ્ટમ બાઈક માત્ર બે મહિના જેટલા સમયમાં જ બનાવી છે. જે એક વિક્રમ સમાન છે. આ પ્રકારની બાઈક બનાવવી એ કુશળતા, મહેનત અને ઉંડી સૂઝ માંગી લે છે. તેઓ આ પ્રકારની બાઈક ગ્રાહકોની જરૂરિયાત મુજબ પણ તૈયાર કરી આપે છે. ધ્રુવ-નિપૂણની વેબસાઈટ **www.tcustombikes.com** છે. તેની વિઝિટ કરવાથી કસ્ટમ બાઈકના વિવિધ ફોટોગ્રાફસ જોવા મળશે અને ઘણું બધું જાણવાનું મળશે. ધ્રુવ-નિપૂણને તેમના આ ધંધાકીય સાહસ બદલ 'ભટ્ટમેવાડા વર્તમાન' ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.


*With Best Compliments From*



***Malani Construction Co.***

***Rajkot***


**Owner, Printer, Publisher & Editor** Ashokkumar Krishnalal Mehta, **Printed :** Capital Offset, Plot No. L-801/1, G.I.D.C., Sector-28, Gandhinagar **Published** : "Sukruti", Plot No. 68/1, Sector-3/A (New), Gandhinagar (GUJARAT)